# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૬ તા.૨૦-૦૬-૨૦૨૪

ફકત મ્યુનિ. શાળાઓ માટે :-

વિષય : ગાંધીનગર લોકસભા મતવિસ્તારની ૩૦ જેટલી અનુપમ (સ્માર્ટ) શાળાઓના લોકાર્પણ કાર્યક્રમમાં હાજર રહેવા બાબત.

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, ન. પ્રા.શિક્ષણ સમિતિની ગાંધીનગર લોકસભા મતવિસ્તારની ૩૦ જેટલી અનુપમ(સ્માર્ટ) શાળાઓનું લોકાર્પણ ગાંધીનગર લોકસભાના માન.સાંસદશ્રી અને ભારતના માન.ગૃહ તથા સહકારીતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ સાહેબના વરદ્ હસ્તે થનાર હોઈ આ પ્રસંગે મહાનુભાવોના પ્રેરક માર્ગદર્શન માટે નીચે જણાવેલ ઝોનવાર સંખ્યા મુજબના મદદનીશ શાસનાધિકારીઓએ આદેશ કરેલ મુખ્ય શિક્ષક / શિક્ષકોને તા.૨૧-૦૬-૨૦૨૪ શુક્રવારના રોજ નારણપુરા ગુ. શાળા નં.૧ રાધાકૃષ્ણ મંદિર પાસે, નારણપુરા ગામ ખાતે સમયસર એટલે કે બપોરે ૨-૩૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવે છે.

| ક્રમ | ઝોન | સંખ્યા |
|---|---|---|
| ૧ | ઉત્તર | ૩૫૦ |
| ૨ | દક્ષિણ-૧ | ૨૫૦ |
| ૩ | દક્ષિણ-૨ | ૨૦૦ |
| ૪ | પૂર્વ | ૪૦૦ |
| ૫ | પશ્ચિમ-૧ | ૧૫૦ |
| ૬ | પશ્ચિમ-૨ | ૧૫૦ |

| ક્રમ | ઝોન | સંખ્યા |
|---|---|---|
| ૭ | મધ્ય | ૨૦૦ |
| ૮ | અંગ્રેજી | ૧૫૦ |
| ૯ | હિન્દી | ૩૦૦ |
| ૧૦ | ઉર્દૂ | ૨૦૦ |
| ૧૧ | દક્ષિણ પશ્ચિમ | ૧૫૦ |
| ૧૨ | એસ.એસ.એ. | ૨૦૦ |

સૂચના :-

૧. કાર્યક્રમના સ્થળે ટ્રાફિક જળવાઈ રહે તે માટે બપોરે ૧-૩૦ કલાકે બસ દ્વારા તમામ શિક્ષકો માટે મદદનીશ શાસનાધિકારી જણાવે તે સ્થળેથી બસ મારફતે લાવવા-મુકવાની વ્યવસ્થા કરેલ છે.આ કાર્યક્રમમાં આવનાર શિક્ષકોને એ દિવસે શાળા શિક્ષણ કાર્યમાંથી મુક્તિ આપવામાં આવે છે એટલે કે શિક્ષકો ઘરેથી સીધા બસ ઉપડવાના સ્થળે પહોંચશે તેથી તેમના વર્ગના બાળકોના શિક્ષણની વ્યવસ્થા જે-તે ઝોનના મદદનીશ શાસનાધિકારીના માર્ગદર્શન પ્રમાણે મુખ્ય શિક્ષકે કરવાની રહેશે.

૨. કોઈપણ કર્મચારીએ કાળા કપડાં પહેરવા નહી

૩. બેગ કે અન્ય ખાદ્ય પદાર્થ સાથે લાવવા નહી

૪. દરેક મદદનીશ શાસનાધિકારીશ્રીએ પોતાના ઝોનના કર્મચારીઓની આવવા-જવાની બંને હાજરી સુનિશ્ચિત કરવી અને કાર્યક્રમના અંતે હાજરી પત્રકો નાયબ શાસનાધિકારીશ્રી પરિમલભાઈ પટેલને જમા કરાવવા.

તા.૨૦-૦૬-૨૦૨૪

ડૉ.એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી